©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] TUESDAY, 02nd JUNE, 2026/JYAISTHA 12, 1948 [No. 4050

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસુચના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯

જુઓ નિયમ ૨૬ (૯)

નગર રચના યોજના નં. ૬૨ (ખોરજ)

આખરી યોજના

ક્રમાંક : નરયોનં. ૬૨ (ખોરજ)/આખરી યોજના/અધિસુચના/૪૮૮૩.—ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૫૨ની પેટા કલમ-૩ અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ના નિયમ ૨૬(૯)માં જોગવાઈ કર્યા પ્રમાણે નગર રચના અધિકારી તરીકે નગર રચના યોજના નં.૬૨(ખોરજ)ના આખરી યોજનાના મારા નિર્ણયો તા. ૨૬-૦૫-૨૦૨૬ના મંગળવારના રોજ જાહેર કર્યા છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૫૪ હેઠળ ફરમાવ્યા મુજબ નગર રચના યોજનામાં સમાવિષ્ટ કરેલ જમીનોના દરેક માલિકોને તેમની મિલકત અંગે નગર રચના અધિકારી તરીકેના મારા નિર્ણયોના ઉતારા "નમુનો ૬"ની નકલ મોકલવામાં આવી રહી છે. ઉપરોક્ત નિર્ણયોથી નારાજ થયેલ કોઈ વ્યક્તિ, અપીલ બોર્ડ સમક્ષ અપીલ થઈ શકે તેવા નિર્ણયની બાબતમાં રાજ્ય કક્ષાના બોર્ડ ઓફ અપીલના મે.પ્રમુખશ્રી, બોર્ડ ઓફ અપીલ, ગાંધીનગર, C/0 મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરી, સેન્ટ ઝેવીયર્સ સ્કુલની સામે, સેક્ટર-૧૦એ, રોડ નં.૩, ગાંધીનગરને મારા નિર્ણયની નકલ મળ્યેથી એક માસમાં અપીલ મેમોરેન્ડમની ત્રણ નકલો સહિત અપીલ કરી શકશે અને અપીલ મેમોરેન્ડમની મુળ નકલ ઉપર જરૂરી કોર્ટ ફી સ્ટેમ્પ ચોંટાડવો જોઈશે.

ઉપર દર્શાવેલ યોજનાની સઘળી માહિતી, નિર્ણયો અને નકશાઓ નગર રચના અધિકારીની કચેરીમાં રજાના દિવસો સિવાયના તમામ દિવસોએ કચેરી સમય દરમ્યાન નિરીક્ષણ માટે ખુલ્લા રાખવામા આવેલ છે અને યોજના સમજાવવા માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

તા. ૨૬-૦૫-૨૦૨૬
સ્થળ : અમદાવાદ

આપનો વિશ્વાસુ

રુચિતા શાહ
નગર રચના અધિકારી
નગર નિયોજક-૧
અમદાવાદ નગર રચના યોજના, એકમ-૧
અમદાવાદ

કચેરીનું સરનામું :

નગર રચના અધિકારીશ્રીની કચેરી, નગર નિયોજક-૧,
અમદાવાદ નગર રચના યોજના એકમ-૧, અમદાવાદ.
ઑફિસ નં.૪૦૬,૪૦૭,૪૦૯,૪૧૪,૪૧૭ ચોથો માળ,
એ.એમ.સી. મલ્ટીલેવલ પાર્કિંગ એન્ડ કોમર્શિયલ કોમ્પલેક્ષ,
નવરંગપુરા પોસ્ટ ઑફિસની સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.06.03 14:50:37 IST